# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-05-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## સિંધુ જળ સંધિ: શિવરાજસિંહ ચૌહાણ

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, 'સિંધુ જળ સંધિને મુલતવી રાખવાથી રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને હિમાચલ પ્રદેશના ખેડૂતોને ઘણો લાભ થશે.' નવી દિલ્હીમાં દેશભરના ખેડૂતોના વિવિધ સમૂહ સાથેની વાતચીત દરમિયાન શ્રી સિંહે આ મુજબ જણાવ્યું.

શ્રી ચૌહાણે ઉમેર્યું, ભવિષ્યમાં આ જળના ઉપયોગ અંગે એક વ્યાપક વ્યૂહરચના બનાવવામાં આવશે, જેનાથી તમામ લોકોને મહત્તમ લાભ મળી શકે. તેમણે સિંધુ જળ સંધિને મુલતવી રાખવાના નિર્ણયને ઐતિહાસિક ગણાવ્યો. તેમણે કહ્યું, પાકિસ્તાનને પાણી આપવું એ ભારતીય ખેડૂતો સાથે અન્યાય છે.

**------------------------------------------------------------------------------------------**

## ન્યાયધીશો પેન્શન

**સર્વોચ્ચ અદાલતે એક મહત્વના ચૂકાદામાં જણાવ્યું કે, અધિક ન્યાયાધીશો સહિત વડી અદાલતોના તમામ ન્યાયાધીશો સંપૂર્ણ પેન્શન અને સેવાનિવૃત્ત લાભ મેળવવાના હકદાર છે. સર્વોચ્ચ અદાલતે ગઇકાલે કહ્યું, અદાલતોના પૂર્વ મુખ્ય ન્યાયાધીશોને પેન્શન તરીકે દર વર્ષે 15 લાખ રૂપિયા મળશે. આ આદેશનું પાલન નહીં થાય તો તેને બંધારણના અનુચ્છેદ 14 હેઠળ સમાનતાના અધિકારનું ઉલ્લંઘન ગણવામાં આવશે.**

**સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ બી. આર. ગવઈ અને ન્યાયમૂર્તિ ઑગસ્ટીન જ્યૉર્જ મસીહની પીઠે કહ્યું, ન્યાયાધીશોની નિમણૂક ગમે તે સમયે થઈ હોય અને તેઓ અધિક ન્યાયાધીશ તરીકે સેવાનિવૃત્ત થયા હોય કે પછી કાયમી થયા હોય એ તમામને પેન્શન અપાશે.**

---

## સીડીએસ- જનરલ અનિલ ચૌહાણ: નલિયા મુલાકાત

**દેશના રક્ષામંત્રી રાજનાથ સિંહ અને વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહે તાજેતરમાં ભુજ એરબેઝની મુલાકાત લઇ જવાનોના શૌર્યને બિરદાવ્યો હતો. તેવામાં હવે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે નલિયા એરફોર્સ સ્ટેશનની મુલાકાત લઇ સશસ્ત્ર દળોની બહાદુરી અને ક્ષમતાની પ્રશંસા કરી હતી. સૈનિકો સાથે વાતચીત કરતી વખતે, તેમણે ઉભરતા સુરક્ષા પડકારોને ધ્યાનમાં રાખીને ઓપરેશનલ તૈયારી અને સુગમતાના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે ઓપરેશન સિંદૂર દરમિયાન સૈનિકોની અનુકરણીય હિંમતની પ્રશંસા કરી. ચીફ ઓફ ડિફેન્સટ સ્ટાફ જનરલે સ્થાનિક નાગરિક વહીવટીતંત્રનો પણ તસહયોગ બદલ આભાર માન્યો અને આવી ગંભીર પરિસ્થિતિમાં લશ્કરી-નાગરિક સંકલનના મહત્વ પર ભાર મૂક્યો હતો.**

---

## ખેલો ઇન્ડિયા ગેમ્સ

ખેલો ઈંડિયા અંતર્ગત  સૌપ્રથમવાર યોજાઇ રહેલા  ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સનો ગઇકાલે કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલા બીચ ખાતે પ્રારંભ થયો. થશે. કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયા આ રમતોનું ઉદ્ઘાટન કર્યું હતું. આ રમતોમાં, ત્રીસ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના એક હજાર ત્રણસો પચાસ વીસથી વધુ ખેલાડીઓ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેશે. ખેલાડીઓ ફૂટબોલ, વોલીબોલ, સેપકટકરા, કબડ્ડી, પેનકક સિલાટ અને સ્વિમિંગ સ્પર્ધાઓમાં છ મેડલ માટે સ્પર્ધા કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સને દેશના રમતગમત ઇતિહાસમાં જળ રમતો માટે મહત્વપૂર્ણ ગણાવી છે. પોતાના સંદેશમાં, તેમણે રમતોના આયોજકોને અભિનંદન અને શુભેચ્છા પાઠવી.

---

## અમૃત ભારત યોજના

**અમૃત ભારત યોજના હેઠળ ભાવનગર રેલવે ડિવિઝનના 6 રેલવે મથકોનો પૂનર્વિકાસ થતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેનું લોકાર્પણ કરશે. આ યોજના હેઠળ ભાવનગર રેલવે ડિવિઝનના કુલ 17 મથકોનો પુનર્વિકાસ થઈ રહ્યો છે. જેમાં છ મથકોના પુનર્વિકાસની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, જેમાં સિહોર, પાલીતાણા, રાજુલા, મહુવા, લીંબડી અને જામ જોધપુરનો સમાવેશ થાય છે.**

**------------------------------------------------------------------------------------**

## વિકાસ કામો: મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, રાજ્યના છેવાડાના ગામો સુધી રસ્તા, શિક્ષણ, આરોગ્ય જેવી સુવિધાઓ પહોંચે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મહેસાણાના વિસનગરમાં 495 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે શ્રી પટેલે ઉમેર્યું કે રાજ્યમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે એક હજાર 20 કરોડ રૂપિયાના ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોર પ્રૉજેક્ટ શરૂ કરાયો છે.

**------------------------------------------------------------------------------------**

## હવામાન: કમોસમી વરસાદ

રાજ્યમાં આગામી 7 દિવસ કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 21 મેથી વરસાદની ગતિ વધશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે 24 મેના રોજ રાજ્યમાં ગાજવીજ સાથે સાર્વત્રિક વરસાદ પડી શકે છે એમ હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું હતું.

**------------------------------------------------------------------------------------**